ૐ

પરમ પૂજ્ય શ્રી સદ્‌ગોરના શ્લોક

યાને અમૃતવાણી

卐

—: પ્રકાશક :—

—: સંતપંથી જિજ્ઞાસુ ભાઈઓ :—

—: સંકલન કરનાર :—

દાસુનો દાસ નિમિત્ત શ્રી અરજણભાઈ

કાનજીભાઈ પટેલ

મુ. પો. રામપુરા કમ્પા તા. બાયડ.

જી. સાબરકાંઠા

કિંમત રૂા. ૫-૦૦ પ્રત-૫૦૦

For Reference See Pages: 17, 27, 30.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

ૐ

પરમ પૂજ્ય શ્રી સદ્ગોરના શ્લોક

યાને અમૃતવાણી

卐

-: પ્રકાશક :-

-: સંતપંથી જિજ્ઞાસુ ભાઈઓ :-

-: સંકલન કરનાર :-

દાસુનો દાસ નિમિત્ત શ્રી અરજણભાઈ
કાનજીભાઈ પટેલ

મુ. પો. રામપુરા કમ્પા તા. બાયડ.
જી. સાબરકાંઠા

કિંમત રૂા. ૫-૦૦ પ્રત-૫૦૦

realpatidar.com

ૐ

પરમ પૂજ્ય શ્રી સદ્‌ગોરના શ્લોક

યાને અમૃતવાણી

卐

—: પ્રકાશક :—

—: સંતપંથી જિજ્ઞાસુ ભાઈ એ :—

—: સંકલન કરનાર :—

દાસુનો દાસ નિમિત્ત શ્રી અરજણભાઈ
કાનજીભાઈ પટેલ

મુ. પો. રામપુરા કમ્પા તા. બાયડ.
જી. સાબરકાંઠા

કિંમત રૂા. ૫–૦૦ પ્રત–૫૦૦

[૧] પ, પુ. સદ્‌ગોર શ્રી શમ્સતબ્રેજનું સંક્ષીપ્ત જીવનચરિત્ર

હી. સ. આશરે. ૭૦૦ની સાલમાં પ, પુ. સ. ગો. શ્રી શમ્સત બ્રેજનો જન્મ ઇરાન દેશમાં દિલ્લમ જીલ્લામાં સબ્ઝવાર ગામમાં તેઓનો હરિવંશની પેઢીમાં જન્મ થયો હતો તેમના બાપ દાદાનુ કાર્ય સત્પંથ ધર્મનો ઉપદેશ કરવાનું હતું. જેથી તેઓ પણ બાળ-વયમાંથી તે ધર્મના કાર્યમાં ધ્યાન આપતા હતા. જયારે તેઓ બાર વર્ષના થયા ત્યારથી તેઓ સત્પંથ ધર્મનો પ્રચાર કરવા માટે બીજા દેશોમાં પણ જતા હતા. તેમના ગામમાં એમણાબાઈ નામની એક એક સાધ્વી સ્ત્રી રહેતી હતી. તેને આ સ.ગો. શ્રી પીર શમ્સદીન પ્રત્યે ભક્તિભાવ પેદા થયો ને પોતાને ઘેર પિરને જમવા માટે નોતર્યા. પીરશમ્સસુદ્દીન સાહેબે તેની અરજ કબુલ રાખીને એમણા બાઇના ઘેર ગયા ત્યારે તેમને તે બહેનની કસોટી કરવા એમ કહ્યું કે તમો કાચો માટીના ઘડોને કાચા સુતરના કોકડાથી કુવામાંથી ચોખ્ખું પાણી ભરી લાવી તેની રસોઇ બનાવો તો અમે જમશું.

એમણાબાઈ ઇમાની હતા ને પિર શમ્સુદીનના હુકમ પ્રમાણે કુવામાંથી પાણી ભરી લાવ્યા અને તે પાણીમાંથી રસોઇ બનાવી જમાડયા. પિર શમ્સુદ્દીન તે બાઇના ભક્તિભાવથી ઘણા રાજી થયા ને તે બાઈને આશીર્વાદ આપ્યા.

હિ. સ. ૭૧૫ની સાલમાં પિર શમ્સુદ્દીન કાશ્મીરના રળીયામણા દેશમાં બોધ આપવા પધાર્યા ત્યારે ત્યાંની "ચંગડ" નામની જંગલી કોમે તેઓને કાફલા સહિત ઘેરી લીધા . પણ પિર શમ્સુદીનસાહેબ

તે લોકોથી જરા પણ ડર્યા વગર શ્રી નિરંજન નિરાકારની હજુરમાં અરજ ગુજારી કે તરત જ તે લોકોમાં પરીવર્તન થઇ ગયું, અને બધા પિર શમ્સુદ્દીનને શરણે આવ્યા. આ "ચગડ" કોમની સંખ્યા એ લાખની હતી, અને તેઓ સર્વે પિર શમ્સુદ્દીનના સેવકો બની ગયા. ઉપરાંત કાશ્મીર વાસીઓ ના રહીશ પણ ઘણી મોટી સંખ્યામાં સેવકો થયા કે જેમાં કાશ્મીરના રાજાનો પણ સમાવેશ થાય છે.

આ રીતે પિર શમ્સુદ્દીન ચીન દેશ, તીબેટ, કાશ્મીર, ગીલાન, પારકદ, અસકર્દ, પંજાબ, મુલતાન વગેરે પ્રદેશોમાં ફરીને સત્પંથ ધર્મના પ્રચારનું કાર્ય કરેલ છે. ને કેટલાક ખાસ શ્રદ્ધાળુ લોકોને નિરંજન નીરાકાર આદ નારાયણના સાકાર લીલાના ભેદની માહિતી સમજાવી. પિર શમ્સુદ્દીનના સેવકોમાં વિશેષ ભાગ હિન્દુઓનો હતો. દીલ્હીના બાદશાહો તરફથી નિમાયલા પ્રાંતવાર સુબાઓની જો હુકમીને ભંભેરણીથી પિર શ્રી શમ્સુદ્દીન સાહેબને ધર્મના પ્રચાર કાર્યમાં પારા વાર મુશ્કેલીઓ વેઠથી પડતી હતી, જેથી સેવકોના જાનમાલની સલામતીની ખાતર ધર્મનો બોધ કરવાની રીતમાં ફેરફાર કરીને ખાનગી રીતે (ગુપ્ત) કરતા હતા.

પિર શ્રી શમ્સુદ્દીનના લગ્ન તેઓના મામા સૈયદ જલાલુદ્દીનની પુત્રી બીબી હાફીઝા જમાલ સાથે થયા હતા. જેમની કુખે બે પુત્રો જનમ્યા હતા. જેમના નામો (૧) હઝરત નસીરૂદ્દીન (૨) મ. સૈ. આહમદ ઝીંદાપિર હતા. પિર શમ્સુદ્દીન આફાની દુનિયા છોડી ગયા બાદ ઝમાનાના ઇમામે તેમના ફરઝંદ નસીરૂદ્દીનને પિરાતન સોપી હતી, જે આપણા ચોવીશમા પિર છે.

પિર શ્રી શમ્સુદ્દીનના રચેલા જ્ઞાનો અને ગરબીઓ આજે પણ આપણે ઘણા જ ભક્તિ ભાવ સાથે ગાઇએ છીએ. આજ્ઞાનોમાં સત્પંથ ધર્મનો બોધ પાઠ અને ઉંચી ફિલસુફી તે વખતના જમાનાના ઇમા-

મોની ઓળખાણુની સચોટ અને પુરેપુરી સમજણુ આપેલી છે. પિર શ્રી શમ્સુદીનનું મરણુ મુલતાન શહેરમાં હિ. સ. ૭૫૭માં થયું હતું.

– સ્વામી શ્રી રામતિર્થના અંતરના ઉદ્દગારો –
તા. ૧ માર્ચ ૧૯૦૩ના રોજ 'સાન ફ્રાન્સીસ્કો'
[અમેરિકા]માં આપેલું ભાષણુ.

એક હિન્દુ (રામાયણુ) શાસ્ત્ર, જેમાં જગતના નહિ તો હિન્દુસ્તાનના એક મહાન શુરવીર ભગવાન શ્રી રામચંદ્રની જીવન લીલા લખેલી છે. તેમાં કહ્યું છે કે જ્યારે શ્રી રામચંદ્રજી સત્યની શોધમાં નીકળી પડ્યા ત્યારે સર્વ પ્રકૃતિઓએ દાસત્વ સ્વીકાર્યું હતું. એમાં લખ્યું છે કે વાનરોએ લશ્કર પુરૂ પાડ્યું, ખીસકોલાઓએ સેતુ બંધ રામેશ્વરનો પુલ બાંધવામાં મદદ કરી, રાજહંસો પણુ શ્રી રામના દુશ્મનોનુ નિકંદન કાઢવા મદદે આવી પહોચ્યા પાષાણુ પોતાનો સ્વભાવ ભૂલી ગયા; તેમને સમુદ્રના જળમાં નાખ્યા તે વખતે ડૂબી જવાને બદલે તેમણે કહ્યુ કે "સત્યના માટે, સત્યવાદીના કાર્યના વિજય માટે અમે ડૂબી નહિ જતાં તરીશું," પવન અને વાયુ, અગ્નિ, મરૂત વગેરે સર્વે રામની મદદે ખડા રહ્યા હતા.

હવે શ્રી રામ, જગતના એક મહાપુરૂષ બલ્કે અખિલ વિશ્વના મહાત્માની વાત કહી આ વિષય સમાપ્ત કરશે. એ મહાત્માનુ નામ શ્રી શમ્સુતબ્રેજ છે. એ મહાત્માના જન્મદાતા પિતાશ્રીનુ નામ પિર સલાહોદીન ઇસ્લામ હાદિંક (જેનું સ્થાન રોજે ગિઝનીમાં છે.) હતું. પણુ સ્વામીજી અલાઓદીન સાહેબ લખે છે. તે અલાઓદીન સાહેબ તો શ્રી શમ્સતબ્રેજના શાહની કળાના વરદાતા પિતા હતા. તેમને બતાવ્યા છે. શ્રી અલાઓદીન સાહેબની અમર લીલા પછી શ્રી શાહપણાની પદવી શ્રી શાહની ગાદીએ શ્રી અલાઓદીન સાહેબની આજ્ઞા પ્રમાણે શ્રી શાહપણું શ્રીજીએ જ શોભાવ્યું હતું. અલાઉદ્દીન અને સલાઓદીન બન્ને પિતરાઈ ભાઇ શ્રી ઈમામ ઇસ્માઇલ સાહેબના વંશમાં જ હતા. મનસુર તો ઓએશ્રીના વંશનો ભક્ત હતો.

આ મહાત્મા ક્રાઇસ્ટથી ઉતરતો નહોતો, ઉલટો ઘણી બાબતોમાં તેનાથી ચડિયાતો હતો. આ મહાત્માનું જીવન બાલપણથી દિવ્યરૂપ હતું, તે પ્રભુમય હતા, પિતાનાથી ઉત્કૃષ્ટ હતા. આ વીરની વાણી દ્વારા એક મહાન ઘણું જ મોટું પુસ્તક રચાયુ કલમને ખડીયા વતી આ પુસ્તક એણે લખ્યું નહોતું, પણ એમ કહેવાય છે કે હરદમ એ બોલતા ત્યારે કવિતા જ નીકળી આવતી; પણ તે કવિતા તમારા અમેરિકન કવિઓ જેવી નહોતી, કવિતાના સત્ય સ્વરૂપમાં તે કવિતા હતી, માત્ર પરમાત્મા રૂપ જ હતી. તે દિવ્ય વિચારોથી પરીપૂર્ણ હતી, તેનો દરેક શબ્દ સુવર્ણ સમાન છે. એ પુરૂષ વિષે એક વાત ખાસ જાણવા જેવી છે. એક સમય કેટલાક મનુષ્યો સરકસ જોવા કઇ તમાશાને અંગે રાજા પાસે આવ્યા. રાજા ખેલોથી આનંદ પામ્યો ને તેમને એક હજાર ડોલર આપ્યા; પણ પાછળથી રાજાને પશ્ચાતાપ થયો; કારણ કે દરરોજ આવા નકામા ખેલમાં હજારો ડોલર ફેંકી દેવા તે તેને વ્યાજબી લાગ્યું નહિ. જેથી રાજાએ પૈસા પાછા લેવા માટે એક યુક્તિ કરીને કહ્યું કે ? તમો સિંહનો વેષ લઈને આવો. ને જે તે વેષ આબેહુબ ભજવી બતાવશો તો આથી પણ વધારે ઇનામ આપીશ. પણ જો બરાબર ભજવશો નહિ તો તમારી માલ મિલ્કત ધન દોલત સર્વ જપ્ત કરવામાં આવશે. આ ખેલાડીઓ તેમ કરી શકયા નહિ. હિંદુસ્તાનમાં જે પ્રાણીનો વેષ લેવામાં આવે છે તે પ્રાણી જેવી રીતે હાલે, ચાલે, ખાય, પીવે, તે પ્રમાણે કરી બતાવવામાં આવે છે; પરંતુ સિંહનું રૂપ તેઓથી લઇ શકાતુ નથી. આ લોકો આપણા મહાત્મા પાસે આવ્યા ને તેની આગળ રૂદન કરવા લાગ્યા. વાર્તામાં કહ્યું છે કે ? આ મહાત્માને અખિલ વિશ્વમાં અભેદ હોવાને સર્વમાં પોતાને જ જોતા હતો. તેને આ લોકોની દયા આવીને તેમણે કહ્યું "ધૈર્ય રાખો, કારણ હું પોતે જ સિંહનું રૂપ લઇને આવીશ, હું પોતે જ એ પ્રયોગ કરી બતાવીશ."

બીજા દિવસે રાજા સભામાં આ પ્રયોગ જોવા બેઠો હતો. તે વખતે એકા એક વિદ્યુતની ત્વરાએ ખરેખરો સિંહ કૂદીને મેદાનમાં

આવ્યો. સિંહે ગર્જના કરવા માંડી ને રાજાના બાળને ઉચકી ફાડી નાખ્યુ, પછી બીજું બાળક લીધુ ને ઉંચે આકાશમાં ફેંકયું. આ મનુષ્ય ખરેખરી રીતે પરમાત્મા હતો. "તેને મન હું એક નિયંત્રીત થએલો દેહ છું." એ વાત સ્વપ્ના વત ભૂતકાળની થઇ હતી. એવા શબ્દોમાં તેને કોઈ અર્થ જ લાગતો નહિ. જે ઇશ્વરે સિંહરૂપ દર્શન દીધું હતું તે પોતે જ હતા. પ્રયોગ પૂર્ણ થયો. સાધુ તે બાળકને મૃત્યુ પમાડી ચાલ્યો ગયો. તેઓને દેહાભિમાન હોતું જ નથી. પરંતુ અહીં રાજા ક્રોધાયમાન થયો હતો. તેના હજુરીયાઓ, રાજ્ય સેવકો પણ ક્રોધથી વ્યાપ્ત થયા હતા, તે આ પુરૂષ ઉપર વેર લેવા તત્પર થયા. તેથી તેની પાસે જઈ બોલ્યા, સાહેબ ! આ બાળકને પુન જીવન આપો. જો તમે એને મૃત્યુ પમાડયો છે તો હવે પાછો જીવતો પણ કરો," ક્રાઇસ્ટ પણ મૃત્યુ શય્યા પર પડેલામાં ચેતના લાવતો હતો. "કુમ્બે ઇજ નિલ્લાહ"નો અર્થ એ છે કે પ્રભુના નામ ખાતર ઉભો થા. પ્રભુની કીર્તિ વધારીને ચૈતન્યમય થા, પુન જીવનમય થા. "તેઓએ પ્રભુની ખાતર બાળકને સજીવન કરવા કહ્યું. સાધુ હાસ્ય કરતો હતો, તેણે કહ્યું "પ્રભુના નામ ખાતર ચેતનમય થા." પણ છોકરો જાગૃત ન થયો, અને પછી પણ એ જ શબ્દ પણ વૃથા હસ્યો; ને પછી બોલ્યો; "કુમ્બી ઝીની" મારી આજ્ઞાથી મારા હુકમથી ચૈતન્ય આવો, તરતજ છોકરો આળસ મરડી ઉભો થયો. છોકરો જીવતો થયો, તે પણ લોકો આ જોઈને ખમી શકયા નહિ, તેઓ બોલ્યા. 'આ નાસ્તિક પોતે જાતે આ માટે માન લે છે. તેને મારી નાખવો જોઈએ" સાધુને આ વિષે કોઈ પરવા નહોતી, લોકો ખરી હકીકત સમજ્યા નહિ...... ...લોકો તેને જીવતો બાળી મૂકવા તત્પર થયા......આ સાંભળી સાધુએ તેજ ક્ષણે......પોતાની ચામડી...... પોતાના શરીર ઉપરેથી ફેંકી દીધી.

(સ્વામી રામતિર્થ ભાગ પહેલો)

ચામડી ઉતાર્યા બાદ પોતે ચારિત્ર દેખાડવા ગામમાં ખાવાનું માંગવા ફર્યા. પણ કોઈએ કાંઈ ન આપ્યું ? એક વૃદ્ધ કસાયણ બાઇએ

માંસનો એક કટકો આપ્યો, એ લેઇ ગામમાં કોઇ રાંધી આપે, તેટલા સારૂ ફર્યા પણ નિરર્થક છેવટે તે કાચો માંસ રાંધવા ખાતર જ.

"તું મને શેકી આપ" એવા તેઓશ્રીના હુકમથી સુર્ય નીચે આવવાથી લોકો ઘણા દુઃખી થવા લાગ્યા. અનવર કાવ્ય ઉપોદ્ઘાત ૨૭–૨૮–આ. ૬

લોકોના દયાર્દ્ર પોકારથી હાથ માંડેલું માંસ જમીન પર મૂકતાં જ એ પશુ કે જેનું માંસ હતું તે સજીવન થઇ ચાલ્યું ગયુ અને સૂર્યદેવ સ્વધામે પધારી ગયા.

પરમ પુજ્ય શ્રી સદ્ગોર શમ્સ તબ્રેજના પુત્રશ્રી નસીરદીન ઉર્ફે નુર સદ્ગોર તેઓ સતપંથ ધર્મનો પ્રચાર કરવા ગુજરાતમાં પ્રથમ આવેલ ત્યારે તેમને પ્રથમ સિદ્ધપુર પાટણમાં રાજા સિદ્ધરાજ જેસંગ રાજ્ય કરતો. હતો. તેને બે સતિઓનો શ્રાપ હતો. બે સ્ત્રીઓના નામ એક રાણકદેવી રાખેંગાર બીજી–જશમા ઓડણ. જેથી તેના શરીરે કોઢ થયો હતો તે ઘણા વૈદ્દોને હકીમો કર્યા પણ મટતો ન હતો જ્યારે પુજ્ય નુરસદ્ગોરના આવવાથી તે રાજાના ગુરૂ કાનીફનાથ સાથે તેમની વિધાની કસોટી કરી ને તેમાં કાનીફ નાથનો પરાજય થયોને ત્યાં બહુ ચમત્કારીક કાર્યો કરવા થી રાજાને તેમના પર વિશ્વાસ બેઠોને તેમને પૂ. શ્રી નુરસદ્ગોર પાસેથી સતપંથ ધર્મનો બોધ ગ્રહણ કર્યો જેથી તે શહેરમાં રહેતા તમામ જાતના માણસોએ પણ ધર્મનો બોધ ગ્રહણ કરેલ ને રાજાને કોઢ થયેલ મટાડયો હતો. બાદમાં પછી તે પૂ. નુરસદ્ગોર નવસારી ગામે ગયેલાને ત્યાં સુરચંદ રાજા રહેતા હતા તેમની દીકરી પાલનદે ઉમ્મર લાયક ને કુવારી હતી તેને ચમત્કારી લીલા બતાવવાથી તેમની સાથે તે પાલનદે એ વીવાહ કર્યો હતો. તે ઈતિહાસીક વાતો મોજુદ છે બાદમાં જ્યારે તે પૂ. શ્રી સદ્ગોરનો અંત સમયે તેમને નવસારી ગામે ત્યાં જ જમીનમાં સમાયા છે ને તેના ઉપર તેમનો રોજો છે ત્યાં અખંડ ઘીનો દીવો હાલમાં પણ બળે છે. આ જીવનચરિત્રનું વૃતાંત ટુંકમાં લખવાનું

કારણ કે હાલમાં આપણા વર્તમાન સમયમાં આપણા જ સતપંથી ભાઈઓને જે શંકાઓને ભ્રમણાઓ થાય છે તેમને સદ્ગુરૂના જ્ઞાન ઉપદેશને ગરીબીઓનું વાંચન કરે તો તેમની શંકાઓનું નિવારણ થાય. અને આપણને આપના હાલના સદ્ગુરૂ પ. પૂ. શ્રી ઈમામશાહ બાવાના બોધને ઉપદેશને ટેકો મળે અને આપને ઈમાનને શ્રદ્ધામાં વધારો થાય એજ અસ્તુ.

સંકલન કરનાર દાસુનો દાસ સમાજ સેવક નિ. શ્રી. અ. કા.
મુ. રામપુરા.

—: ૐ :—

પ. પૂ. સદ્ગોરશ્રી શમ્સદીન સાહેબના શ્લોકો

સદ્ગોર કહે રે દિલ માંહે દેવળ પૂજીએ. અને દિલ માંહે દેવ ધ્વારરે,
દિલમાંહે સાહેબ આપે વસે, અને દિલમાંહે આપે દીદાર રે —૧
સદ્ગોર કહે રે આપે હરીયા લહેર હે, અને આપે દેવ મોરાર રે,
આપે સબકુ દેખત હે. પણ અંધે કે મન દુર રે —૨
સદ્ગોર કહે રે સત્યંથી જે સત શું રહે, અને બુરો ન રાખે મન રે,
સત્પંથી તે સાચા કહીએ, બાકી સર્વે રદ રે —૩
સદ્ગોર કહે રે સત્પંથી તે સુરા ધ્યાનસું, અને સુરાને હે સુર રે,
તે ઉપર કોઈ કાઢે દુઃખનુ કહેર, તોય સુરા ન છોડે સુર રે —૪
સદ્ગોર કહે રે જેણે રંગ લીયા અમલતણા, તેને કેશા હે ગુમાન રે,
જે જેવા હોવે સેવકો, તે તેવો લાવે ઇમાન રે —૫
સદ્ગોર કહેરે જેસા જીવ હોવે આપણા, તેસા તું અવરને બુજ રે,
જેણે પારકુ દેખ્યુ ભૂંડકા, તે તો આપે હોશે જુઠ રે —૬
સદ્ગોર કહે રે હીરામોતી લાલ હે, તે સબ બજાર ચોક વેચાય રે,
જેણે કાચ લીયા જોઈને હાથમાં, તેને લાલ મોતી ન સોહાય રે —૭
સદ્ગોર કહે રે અત્રે સર્વે જુગ દેખ્યા, અને દેખ્યાં સહુના મન રે,
જે સેવક જેવું બોલશે, તેનું તન મન તેવું પ્રમાણ રે —૮

સદ્ગોર કહે રે જેણે ધર્મ જોયા સતના, અને જોયા વેદ વિચાર રે,
તે ઇમાન રાખશે સતસું, અને ગોર ઉપર રાખશે પ્યાર રે –૯
સદ્ગોર કહે રે જેણે વેદ જોઇને વિચાર્યું નહિ, તેનુ વેદશુ નહિ કામ રે,
તે ઠાલા આવ્યાને ભુલા ગયા, તેની વેદમાં નહી શાંખ રે –૧૦
સદ્ગોર કહે રે બ્રહ્મજ્ઞાનમાં જે રહ્યા, વળી દાનત રાખે ઠામ રે,
તે તો સોળકળાની જ્યોતમાં. તેને સૂજે સર્વે કામ રે –૧૧
સદ્ગોર કહે રે જેણે કળા જોઇ ધર્મની, તે જીવ પરલે નહી જાય રે,
ભણે સદ્ગોર શમ્સ ભાઈ, તે, અંતે ભેળાં થાય રે –૧૨
સદ્ગોર કહે રે અમારા રંગ જે દેખશે; તેને ધર્મ સૂજશે સાર રે;
તેને જો લાખ આવી વેરી મળે, તોય ન મેલે સતની સેવ રે –૧૩
સદ્ગોર કહે રે દેખ્યા ખેલ જેણે સતશુ, તે કેમ મેલે સતશુ નેહરે,
જો લાખ કરોડ અસતી આવી મળે, ભાઈ તે માંહે સર્વે તે હરે –૧૪
સદ્ગોર કહે રે સાર શુ થાશે તે લોકની, જેને નથી વેદ વિચાર રે,
તે પણ ન બોલે સત ધર્મની, ભાઇ જ્ઞાન ન બોલે તેહરે –૧૫
સદ્ગોર કહે રે જેને કલેજે બાંણ લાગ્યા નેહ તણાં, તેની દૃષ્ટિ અવર
કેમ જાય રે,
તેનું પીંડ ચાલે સત લોકમાં, તેની શુરતિ આકાશે જાય રે –૧૬
સદ્ગોર કહે રે સુરત નુરત જેની રેણી માંહે અને સત સોહાય
તેને સાર રે,
ચાર સુરત સુજે દિપક તેને દિલમાં, તે જપે અંજપા જાપ રે –૧૭
સદ્ગોર કહે રે અજંપા જાપ જેના ઘટવશે; તેના ઘટમાં સો દિપક જાણરે,
સોળકળા સૂજે તેને દિલમાં, ભાઈ તેને કળજુગ ન લોપે જાણ રે –૧૮
સદ્ગોર કહે રે દિપક જાગ્યા જાપશું, તેમાં સુરત નુરત સમાયરે,
સતસો તેને જીભે રહે, ગોર કહે હું પાસ તેને સહી જાણ રે –૧૯
સદ્ગોર કહે રે જેના દિલમાં ગોર બ્રહ્મા વશી રહ્યા,
તેને કેમ સૂજે નિંદા ચેન રે,
તે સંસારની વાત સાંભળે તોંય, ન ડોલાવે પોતાનું મનરે –૨૦

૨

સદ્‌ગોર કહે રે જેના ઘટમાંહે પીરશાહ વસ્યા, અને ભરપુર બેઠા જાણરે,
તેને સેતાન કેમ લોપશે, જે દિલમાંથી મારી કાઢશે કાળ રે –૨૧
સદ્‌ગોર કહે રે સેતાન તેને લોપશે, જે જીવ બેજ્ઞાની થાય રે.
તે જાણી બુજી છાંદો રાખશે, તેને મૂવે મોક્ષ ન થાય રે –૨૨
સદ્‌ગોર કહે રે છાંદો નેહ ન રાખીએ, અને છાંદે મોક્ષ ન થાય રે,
સતગુરૂ સેવો સાચ શું, તો પાપ નજીક ન થાય રે –૨૩
સદ્‌ગોર કહે રે પાપ તો જુગમાંહે અતી ઘણું, અને સહુ સભા લુટાયરે,
સતીજન જુઠ ન બોલીએ. જો સહસ્ત્ર મારણ હારા થાય રે –૨૪
સદ્‌ગોર કહે રે જીસમાંહે નૂર પ્રગટયાં, તેની આંખીઉં થઈ અનંત રે,
તેને લાખ અંધારાં આવી વશે, તો ય ન મેલે સતનું ઠામ રે –૨૫
સદ્‌ગોર કહે રે જ્ઞાન વીચારી જે ચાલીયા, તે દુનિયાથી રહેશે દુર રે,
સંસાર સાગર તો મહા દુઃખ હે, અને સદ્‌ગોર બીજો મત જાણ રે –૨૬
સદ્‌ગોર કહે રે તિરથ ત્રિવેણીમાં નાહીએ, જ્યાં નિરંજન હોય હજુરરે,
તે પાપ છોડાવે જુગ ચારનાં, જો મનમાંહે ન આણે મેરરે –૨૭
સદ્‌ગોર કહેરે ગોર નર દોનુ એકહય, તે વશે છે મલે છ માયરે
તેને સેવો રદયશું અને મન માંહે ન આણો ખોટરે –૨૮
સદ્‌ગોર કહે રે જ્યાં નર પ્રગટ પધારીયા, ત્યાં દઇતનુ છે બહુ જોરરે,
ત્યાં જુઠુ બોલીને જીવ છોડાવશે, ભાઈ તેનું દઈત છે નામ રે –૨૯
સદ્‌ગોર કહે રે પતંગ એકતીલ તોલ હૈ, અને વનસ્પતિ ભાર અઢાર રે,
તે એક તીલ પતંગ જો જલાવશે, તો અઢારભાર થડમુળ જલાય રે, –૩૦
સદ્‌ગોર કહે રે કાયામાં અઢાર ભાર વનસ્પતિ છે,
અને તેને લાગે અનંત ખેલનું ફળ રે,
કાળ ક્રોધ જુઠ કરે આત્મા, તે પતંગ જેમ જલાવે સાર રે –૩૧
સદ્‌ગોર કહે રે જીસ મુંખથી હરિ નામ જપીએ,
તીશ મુખ વરશે નૂર રે,
તીસ મૂખથી જો જુઠુ બોલીયે, તે સત્પંથી નથી સાર રે –૩૨

સદ્‌ગોર કહે રે સત્પંથી થઈને મલેચમાં ભળશે,
તેનુ ઈમાન ઓછું થાય રે,
તે તો ચારે જુગમાં ભૂલ્યા, પછી આખર નર્કે જાય રે -૩૩

સદ્‌ગોર કહે રે ફેરા હતા તે ફરી રહ્યા, અને ઇછે સદ્‌ગોરની શાંખરે,
હવે ઇમાન જો તમે ડોલાવશો આવો અવતાર ફરી નહિ થાય રે -૩૪

સદ્‌ગોર કહે રે છેલ્લી નિશાની એકહુ એને હશે સંગનો દોસ રે,
હવે ચેતણ હારા તમે ચેતજો, એમ બોલ્યા શમ્સ પિર રે -૩૫

સદ્‌ગોર કહે રે છેલ્લી સંઘે આવીયા, ને આવ્યા ગતમાં જાણ રે,
હવે ગતમાં જે ન ચેતીયા, તે નર્કે પડશે નિર્વાણ રે -૩૬

સદ્‌ગોર કહે રે ગતમાં સર્વે આવીયા, ને આવ્યા દેવ નારાયણ રે,
જાણી જોઈ ગતમાં જુઠુ બોલીયા, તેને નહિ મળે ગોરનર જાણ રે -૩૭

સદ્‌ગોર કહે રે વેળા આવી જમ તણી, તેમાં કોનુ ન ચાલે જોર રે,
આ જમને જોરે જે ચાલશે, તેણે જ્યોત દીડી છે આંય રે -૩૮

સદ્‌ગોર કહે રે જમને જોરે જે ચાલસે, તેણે જ્યોત દીઠી સહી સાર રે,
તે જ્યોત છે ધર્મની, તેને દુનિયા ન જાણે કોય રે -૩૯

સદ્‌ગોર કહે રે દુનિયા તો સગળી પતંગ તો લહે,
અને વશો છે અઢાર ભાર માય રે,
તે પતંગ જીસ ઘટ વ્યાપી, ભાઈ તેશુ પ્રિત મત રાખ રે -૪૦

સદ્‌ગોર કહે રે આંખે વળગીઉં પતંગીડે નહિ,
તે જ્યોત દેખી નાશી જાય રે,
તેણે જ્યોતનો ભેદ ન જાણીયો, તે આપે બળી જાય રે -૪૧

સદ્‌ગોર કહે રે સર્વે દુનિયા જ્યોત નવ દેખે,
અને જ્યોત દેખી નાશી જાય રે,
તે જ્યોતનો ભેદ જો બાહેર કાઢીએ, તો દુનિયામાં ઘેલો કહેવાય રે -૪૨

સદ્‌ગોર કહે રે દુનિયા સરીખા ચાલીયે, તે દુનિયાનો માણસ કહેવાય રે
પછી સ્વર્ગ તો કર્મે મળે. અને દુનિયા સરીખો થાય રે -૪૩

સદ્દગોર કહે રે દુનિયા સરખો ચાલશે, તેનુ મન રાખે સબ કોઈ રે,
જે વાટ છોડી ઉવાટે ચાલશે, તેને કાંઈ ન કહેવાય રે —૪૪
સદ્દગોર કહે રે દુનિયા છોડી જે ધર્મશુ ચાલશે,
તેનુ આશન છે શાહ પિરની પાસ રે,
ત્યાં દર્શન દેખે તે નુરનાં, ત્યા દુનિયા થાશે હલાખ રે —૪૫
સદ્દગોર કહે રે દુનિયા કાલે ફના હોઇ જાશે,
તમે મત છોડો શાહપિરનો સંગ રે,
જો શીર કાપી સંસાર લીયે, ભાઇ તો એ ન છોડો શાહસુ સંગ રે —૪૬
સદ્દગોર કહે રે પિયુ વશે છે જયોતમાં, તે આવશે ઘટમાં જાણ રે.
જે ઘટમાં દિવો કીજે ધર્મનો, તો ધર્મ ઉતારે પાર રે —૪૭
સદ્દગોર કહે રે ધર્મ તો મોટુ સાચનુ, તે સાચો સાચ કહેવાય રે,
જેના ઘટમાં નુર વ્યાપીયા, તે કુડાશું ન રાખે હેત રે —૪૮
સદ્દગોર કહે રે કુડાથી ધર્મ જાય છે, અને ઘટમાંહે પડે અંધકાર રે,
તે મુખથી જ્ઞાન બોલશે, અને મન માહે બાજીકાર રે —૪૯
સદ્દગોર કહે રે એવા કુડ કપટ સર્વે મેલજો,
અને લેજો ધર્મનો આચાર રે,
કાયા કાચી કાલે ગળી જશે, પછી આગળ થાશે દુઃખ અપાર રે —૫૦
સદ્દગોર કહે રે કાલે કાળજ આવશે, અને લેશે જીવ ઉઠાઇ રે,
ત્યાં એકલું સઉ કોઇ જાશે, ત્યાં કુડા થાશે ખુવાર રે -૫૧
સદ્દગોર કહે રે ખરાને શીર છત્ર ધરાવશે, ને બેસસે શાહપિરની હજુરે
કુડા ત્યાં બહુ રોસે, અને રોસે સભાને પાસ રે —૫૨
સદ્દગોર કહે રે ધર્મ અમારો ઉત્તમ છે,
તે ઉત્તમ સદા સહી જાણ રે,
સત્પંથ સોળ કળાશુ ઉગીયા, જેણે જાણ્યો અમારો ભેદ રે —૫૩
સદ્દગોર કહે રે અમારો ભેદ જેણે જાણ્યો,
અને જાણી અંતરની વાત રે,
તીસ ઘટ નિંદા ન હોવે પારકી, તે સતની કરશે વાત રે —૫૪

સદ્ગોર કહે રે જીશ ઘટ નિંદા વાપરી,
અને વાપરી અજાણી વાત રે,
તિશ ઘર સેતાન વ્યાપીયા, તે અધુરા દીલના કે વાયરે —૫૫

સદ્ગોર કહે રે જીસ ઘટ ઓછો વાપર્યો,
અને નહિ ત્યાં ઉત્તમ વાત રે,
તિશ ઘટ દલ ઉલટયાં, તે દળ દાણવનાં નિરવાણ રે —૫૬

સદ્ગોર કહે રે દળ દાણવનાં ત્યાં ઉલટે,
ત્યાં સત ના સુજે લગાર રે,
તે ગતમાં આવીને બેસશે, પણ નિંદા શું રાખશે વહેવાર રે —૫૭

સદ્ગોર કહે રે પાપી તો ઘણું જીવશે, તેને અમારી છે આરીસ રે,
તેને કોઈ જીવ નહિ છોડાવશે, તે પડશે નર્કની દ્વાર રે —૫૮

સદ્ગોર કહે રે જીશ ઘટ નિંદા વાપરી,
તીશ ઘટમાં સેતાન પ્રકાશ રે,
તે એબ કાઢે સહુ તણાં, તેને બે કોલી સહિ જાણ રે —૫૯

સદ્ગોર કહે રે સંસાર નાગોને ધર્મ સુનું,
તેમાં જે એબ ઢાંકે જાણ રે,
સત્પંથી તેનુ નામ કહિયે, જો કેના એબ ન કાઢે બહાર રે —૬૦

સદ્ગોર કહે રે ધર્મની વાણીયે ચાલજો,
ને ધર્મનો છાનો કરજો નેહરે,
જે ધર્મને પાળે સત્પંથી, ભાઇ સત્પંથી તેનુ નામ રે, —૬૧

સદ્ગોર કહે રે જ્યાં નિંદા થાય દુનિયા તણી,
ત્યાં નહિ અમારૂં કામ રે,
ત્યાં બેસી જે કોઇ સાંભળે, તે જાણો, સેતાનના કામ રે —૬૨

સદ્ગોર કહે રે નિંદાયે રાવણ મારીયો, અને માર્યો કૌરવ દુર્યોધન રે,
નિંદાયે ગાંગેવ ભીષ્મ ગયો, અને ગઇ હેમાવન્તી નાર રે —૬૩

સદ્દગોર કહે રે નિંદાયે સંખવો મારીયો.
ને નિંદાએ હરણાકંશ જાણુરે,
નિંદારે ત્રિસંકુ ગયો, જેની કુળ હરિચંદની કહેવાય રે, —૬૪

સદ્દગોર કહે રે નિંદાએ પાંચને બોળીયા,
તે પ્રહલાદની કુળ કહેવાય રે,
તે ધર્મ કરતા એકઠા, તે નિંદાથી અવગતિયા થાય રે —૬૫

સદ્દગોર કહે રે નિંદાયે સાતને હરાવીયા,
તે હરિચંદની કુળ કહેવાય રે,
તેણે એબ ચડાવી તારા રાણીને, તે પડયા ગોર અંધાર જાઇ રે, —૬૬

સદ્દગોર કહે રે જે ધર્મ કરતા એકઠા,
અને રચતા નરની જોત હજુર રે,
તે જાણી અજાણી વાતુ કરતા પારકીયું,
તેથી પડયા ગોર અંધારે જાઈ રે —૬૭

સદ્દગોર કહેરે જે ધર્મને એબ ચડાવતા,
તે ધર્મી ગતમાં બેસતા જાણ રે,
સાત સ્વર્ગમાં હેતે પહોચીયા, સતિ તારા રાણી હરિચંદ્ર જાણ રે —૬૮

સદ્દગોર કહે રે નવ કરોડની નિંદા મંડાવી,
તે સત્યાવીશ કરોડ માંય રે,
તે દિદાર કરતા સર્વે એકઠા, તે પાંડવને દ્વારે જાઇ રે —૬૯

સદ્દગોર કહેરે તે દિદાર કરતા હરિતણા,
વળી તે નિંદા કરતા તે હરે,
જે નિંદા કર્તા સત ધર્મની, તે પડીયા નર્કની માંયરે —૭૦

સદ્દગોર કહે રે પાંડવ સરીખો કોઈ નહિ,
જે માંહે કુળ શાહની આયરે,
તે દેખતા નવ કરોડ પહોચીયા, તે અભ્યાગતને આધાર રે —૭૧

સદ્‌ગોર કહે રે નિંદા સરીખો પાપ કોઇ નહિ,
જેને લુટયા આલમ સંસાર રે,
સત્પંથીની જે નિંદા કરતા, તેને અહીયા દોજક ન રાખે જાણુ રે –૭૨
સદ્‌ગોર કહે રે અહીયા દોજકમાં જે જીવ પડશે,
તેને ત્યાં સુખ નહિ લગાર રે,
તેને એક ખાઈ બીજો આરોગશે, તેના એવા હેવાલ થાય રે –૭૩
સદ્‌ગોર કહે રે તે સત્યાવીશ કરોડમાંથી પરલે ગયા,
જેણે રાખ્યો પર નિંદા સુ નેહરે,
તે ઠાલા આવ્યા ને ભૂલી ગયા, તે પાંડવ દેખતાં જાણુ રે –૭૪
સદ્‌ગોર કહે રે નિંદાએ ચોવીશ કરોડ બોળીયા,
અને બોળ્યા હાજરા હજુર રે,
સદ્‌ગોર બ્રહ્મા પિર શોદર દીન કહીએ, તેનુ નબી મહમ્મદ નામ રે –૭૫
સદ્‌ગોર કહેરે હરિના સાચા જીવડા ચાલીયા,
તે દર્શન કરતા નીતોનીત રે.
તે માંહેથી પોતાને છોડી ચાલીયા, તે ચોવીશ કરોડ તેને કામરે –૭૬
સદ્‌ગોર કહે રે નિંદા કરતા તે જીવની,
વળી તે એકઠા બેસતા જાણુ રે,
તે નિંદામાંથી એટલું પામીયા, તે નગરમાં ગયા નીરવાણ રે –૭૭
સદ્‌ગોર કહેરે જે ગોર સાચા દેવતા, તે ગોર સૃષ્ટિના સરજન હાર રે,
જેણે મોર નર પીછાણ્યા ઇમાનસુ, તેસુ નિંદાનું ન ચાલે જોર રે, –૭૮
સદ્‌ગોર કહે રે અમે અપરાધી બડિલાવીયા,
ને લાવ્યા સંસાર સાગર માંય રે.
અમારા વચન જે માનસે નહિ, તે જાશે નર્કની માંય રે, –૭૯
સદ્‌ગોર કહે રે અમે અથર્વવેદ ભાંખીયા,
તે અમારા મૂખથી જાણુ રે,
જો અમારા મૂખના ભાંખ્યા નહિ સાંભળે,
ને રાખશે નિંદા શું નેહરે ૮૦

સદ્‌ગોર કહે રે નિંદા એવી જાણીએ, જેસી કુંવારી કન્યા જાણ રે,
નિંદા પારકી જે કરે, તેને કુંવારી કન્યાનું કલંક જાણ રે -૮૧

સદ્‌ગોર કહે રે કુવારી કન્યા ધર્મનુ કામ છે,
તેને પિતા લાગે પાય રે,
તે પિતાને કન્યાનું કલંક ચડે, જે કરે પારકી નિંદા જાણ રે -૮૨

સદ્‌ગોર કહે રે દશ આંસમાન અમે જોયાં,
અને જોયાં સર્વે સંસાર રે,
સહુ માંહે અમે જોયાં, તો નિંદાની બહુ છે પોકાર રે -૮૩

સદ્‌ગોર કહે રે સત્પંથ સરખો કોઈ નહિ,
જેની નર પાસે છે સાંખ રે,
તે સત્પંથ પૂજ્યાનુ ધર્મ સર્વે જાશે, જે નિંદાસુ રાખે વહેવાર રે -૮૪

સદ્‌ગોર કહે રે નિંદાયે ધર્મ જ જાશે.
અને નિંદાયે જાશે વહેવાર રે,
નિંદાએ સ્વર્ગ જાશે, અને નિદાયે જાશે દિદાર રે -૮૫

સદ્‌ગોર કહેરે નિંદાયે બંધવ લડશે,
ને નિંદાયે પુત્ર પિતાને કરે ઘાત રે,
નિંદાએ નારીને કલંક ચડાવશે, નિંદાયે માતાને પુત્ર મારે લાતરે -૮૬

સદ્‌ગોર કહેરે નિંદાયે કલંક ચડાવશે, તે સત્પંથી ને છે હરામ રે,
નિંદા એવી છે પાપણી, જેથી બગડે સર્વે કામ રે -૮૭

સદ્‌ગોર કહેરે જ્યારે એવી પાંચ હત્યા સત્પંથમાં થશે,
ત્યારે અમે છુપી જાઇએ રે,
જો ગતના મેળા કરી પાપ ઉતારશે, ભાઈતો પાપ નવ જાય રે -૮૮

સદ્‌ગોર કહે રે જ્યારે પાંચ હત્યા એવી જાયરે,
ત્યારે નરતે નિરાકાર થાય રે,
તે ગત મળીને બેસશે, તે કરશે અધર્મ ને અન્યાય રે -૮૯

સદ્દગોર કહે રે તે પોતે પાપ ન ઉતરશે,
અને જે ગત કરે તે સાર રે,
કળશ ગોર બ્રહ્માજી આપે જ્યોતમાં રાખશે,
આપે કરશે રાજ દ્વાર રે –૯૦

સદ્દગોર કહે રે હકીકત જ્ઞાન સત્પંથી,
તેનુ સદાએ સાચશું વહેવાર રે
તે નિંદા જૂઠથી અળગો રહેશે, અને દૂરથી રાખશે ઇમાન રે –૯૧

સદ્દગોર કહે રે નરતો આગે દેવતા,
અને તેની સર્વે જ્યોત જ જાણ રે,
તેનું ઘડી ઘડી માંહે રૂપ છે કોડામણું,
ભાઈ તે શુ રાખો ઈમાન રે –૯૨

સદ્દગોર કહે રે ઇમાન રાખશો તો છૂટશો,
ને ગોર કહે છે પોકાર રે,
સાચી દશોંદ આલજો, અને દૂરથી લાગજો પાય રે –૯૩
સદ્દગોર કહે રે કોલ દશોંદનો તમે આલીયો,
અને તે માતાના ગર્ભવાશમાં જાણ રે,
તેમ નિંદાનો કોલ પણ આલીયો, જે નહિ કરવી કેની વાત રે–૯૪
સદ્દગોર કહે રે દશોદ આલો તમે સાચ શું,
તે નરને હજુરજ જાણ રે,
તે પાટો લીધો સવા લાખનો, તે લીધો ટંકશાળનો જાણ રે –૯૫
સદ્દગોર કહે રે સવા લાખ ત્યાં પામશો, ને જેવાં દીધાં હશે દાન રે,
જ્યાં નહિ મળશે અન્ન પાણી એક તલ,
ત્યાં દશોંદ દાનના ફળરે. –૯૬
સદ્દગોર કહે રે સત્પંથી તમે રહેજો સત શુ.
ને તમે આલ્યો કોલ તેનો કરજો વીચાર રે
તે છાપો લીધો ત્રાંબા પાટનો, તે કદીન ખોટો થાય રે. –૯૭

સદ્ગોર કહે રે એવો ધર્મ કેમ હારીયે, ને દુનિયાની લાજે જાણરે,
તે લાજ રાખો છો સંસારની, ને રાખો છો નિંદાશુ નેહ રે -૯૮
સદ્ગોર કહે રે લાલચ દેખો જીવની, જે કરે પારકી નિંદા જાણ રે,
ત્યારે તે બેતડથી ડોલી પડશે, એવો જાશે ધર્મ નિમ નિર્વાણ રે. -૯૯
સદ્ગોર કહે રે નિંદા કીધેશુ આવે, ને વળી જેથી ઈમાન જાય રે,
ગોરનરના ત્યાં ચોર કહેવા શો, ભાઈ આખર નરકમાં ઠામ રે. -૧૦૦
સદ્ગોર કહે રે સુફળ કામે સર્વે તરશે,
અને આગળ છે તોલ મીજાન રે,
ત્યાં તલ તલના લેખાં સાહેબ માગશે,
તે હાજર ગોર બેસાડી જાણ રે. -૧૦૧
સદ્ગોર કહે રે તોલ મીજાન અમે જણાવીયા,
ને તમે ડરજો સર્વે સંસાર રે,
તે આગળ જતાં જાણશો, ત્યારે નવ કરશો પોકાર રે. -૧૦૨
સદ્ગોર કહે રે અમે પોકાર્યું અતી ઘણું, અને ચૌવટા ચડી જાણ રે,
પણ અમારી પોકાર સાંભળી બેરા થાશે, તેની ત્યાં ન ચાલે પોકાર રે.-૧૦૩
સદ્ગોર કહે રે અમારી પોકાર જે સાંભળે,
તે સાંભળે એકાંતે જાણ રે,
તે પાંચ હત્યાથી અળગા રહેશે, ભાઈ તેમાં હે છે અમારૂ કામ રે. -૧૦૪
સદ્ગોર કહે રે અમે આવી તેમાં બેસીયે,
ને બોતેર કોઠામાં થાય અવાજ રે,
રહેણી જાય તેની જાગતાં, ત્યાં રચના જ્ઞાનની થાય રે. -૧૦૫
સદ્ગોર કહે રે અજંપા જાપ તેના ઘટમાં વશે,
ને કાયામાં થાય જંત્રી અવાજ રે,
ત્યાં બોતેર કોઠામાં તાલ તંબલ વાગે,
તેની ઘાત જાણે વીરલો કોઈ રે. ૧૦૬
સદ્ગોર કહે રે તે જીવની જીભ અમતણી,
ને વશે તે સંસાર માય રે,
તેને બંધ બંધાણા અમતણા, તેની ઘાત જાણે કોય રે. -૧૦૭

સદ્દગોર કહે રે દશ આસમાન તે માંહેવશે,
તે માંહે સુરત નુરત સમાય રે,
જે ભ્રાંત કાઢે મનથી, તેની દૃષ્ટિ ઈમાની થાય રે. –૧૦૮
સદ્દગોર કહે રે સાચા ઇમાની તે કહીએ, જેમાં વશે સાચા ઇમાનરે,
તે એબન કાઢે પારકી, અને દુઃખ દેવે આપણે મન રે. –૧૦૯
સદ્દગોર કહે રે ગત સઘળીમાં શાહપિર વસે,
ને ગતમાં જયોત જ જાણ રે,
તે જયોત પ્રકાશ કાંઈક રાખશો, તો તમારા જીવની રહેશે શરમરે. –૧૧૦
સદ્દગોર કહે રે ધર્મ દાન ગોર મૂખે આલીયે,
અને દીજે દશાંદનું દાનરે,
ગોર ગત હજુરનો આલીયે, તો સાહેબ પુરે મનની આશરે. –૧૧૧
સદ્દગોર કહે રે જપ તપ ઉત્તમ કામનુ,
તે એકાંતે બેસી કીજીએ કામ રે,
પણ જો નિંદા કરશો પારકી, તો વણસ સે ધર્મના કામ રે, –૧૧૨
સદ્દગોર કહે રે સતનો કોલ નવ આલીયે,
અને સત કારણ પોતે લુટાય રે,
તે પંડે સૂરત લાવીએ, અને સૂરતે તે સત કોલ પાળય રે. –૧૧૩
સદ્દગોર કહે રે શૂરા જેમ રણમાં લડે, અને શીર કપાવા જાય રે,
તે પાછો પગલો નવ ધરે, તે સન મૂખ ચાલ્યો જાય રે. –૧૧૪
સદ્દગોર કહે રે એબ પર દીઠે ઈ કામ છે,
અને દુનિયામાં કથણી થાય રે,
તે જયાં તમે બેસો હેત શું, ત્યાં ભાવ ન રાખે કોઈ રે. –૧૧૫
સદ્દગોર કહે રે તે બે ભાવે કેમ રહીયે,
અને પ્રિત પોતાની રાખ રે,
એવા ભાવ શું કોઈ સાચો મળે, ભાઈ તેને કોલ જ આપ રે, –૧૧૬
સદ્દગોર કહે રે બે ભાવે જે કોઈ રહે,
તે ઉપર ભાવ ન રાખે કોઈ રે,
તે જેને કાજે અમે આવીયા, ભાઈ તેસું ભાવ જ રાખ રે –૧૧૭

સદ્‌ગોર કહે રે અમે આવી જેને મળીયે, તેની કોઈ આગળ ન કરવી
વાત રે,
જો અંતરનો ભેદ કેને આપશો, રિસામણું અમારૂ થાય રે –૧૧૮
સદ્‌ગોર કહે રે રિસામણું અમ તણું દોયલું,
તે દોયલું ઘણું ઘણું જાય રે,
વળી ઉભા થઈને જો તપ કરશો, ભાઈ તોય ન મલશું જાણ રે –૧૧૯
સદ્‌ગોર કહે રે મળી પાંચ સાત થઈને બેસશો,
અને મોટેરા થઈ બેસશો જાણ રે,
ત્યાં અમને મ જાણજો, જ્યાં નિંદા થાય નિર્વાણ રે –૧૨૦
સદ્‌ગોર કહે રે જ્યાં નિંદા થાય ને રીશ ગણેરી,
અને ક્રોધ મોટેરો થાય રે,
તે કાળે મોટો ચાલશે, તો તમે શાને કરો એવાં કામ રે –૧૨૧
સદ્‌ગોર કહે રે જયાં અનંત દેવ આવી મળશે, તે આલમને સંસાર રે,
તેમાં કાળે મોઢે ચાલશે, અને ઘણા થાશે ખૂવાર રે –૧૨૨
સદ્‌ગોર કહે રે ચાર દીન તમે જીવશો, તેમાં લાગી છે પ્રિત અપાર રે,
તે કાલે પ્રિત જ તુટશે, ત્યારે આગળ શું દેશો જવાબ રે –૧૨૩
સદ્‌ગોર કહે રે કાયા કાચી કાલે ગળી જશે,
ત્યારે જીવને થાશે દુઃખ અપાર રે,
તે જીવને તમે રાખજો સતશું, ને પારકી નિંદા ન કરજો લગાર રે –૧૨૪
સદ્‌ગોર કહે રે ચેતણ હારાં તમે ચેતજો, ને કહું છું છેલ્લી વાર રે,
ત્યાં અમે અખાડે ચડીને પોકારશું, ત્યાં ચોર થાશો નિર્વાણ રે –૧૨૫
સદ્‌ગોર કહે રે ખટઘડી તમે જાગજો, જે વેળા નૂરની કહેવાય રે,
પોતાનું પિંડ તમે સાચવજો, ભાઈ બીજાનુ શું છે કામ રે –૧૨૬
સદ્‌ગોર કહે રે અંતરનો ભેદ કેને ન આલીયે,
જો શીર કાપી દેવે હાથ રે,
તે જો શીર કાપી દેવે આપણું, ભાઈ તોય ન અપાય રે –૧૨૭
સદ્‌ગોર કહે રે શીર દીધા તો શું થયું, જો રદય ન ભીનુ જાણ રે,
પણ કટકા કરે કાયા તણા, તોય અજંપા જાપ વિના કુડાં કામ રે –૧૨૮

સદ્‌ગોર કહે રે ધર્મે તેને આણીએ, જો હોય ધર્મિ મહા સુજાણ રે,
અવર કોઈ માથે આવી પડે, કોઈ દુશ્મનની ફોજ જાણ રે –૧૨૯

સદ્‌ગોર કહે રે ફોજ દળ તો દઈત તણી, તેનું અંતે લાગે જોર રે,
પણ નારાયણનુ નામ જેને રહૃય વશે, તે જંપે અજંપા જોપ રે –૧૩૦

સદ્‌ગોર કહે રે શીર પડે તો સહી રહીયે,
તોય ન કાઢીએ પોતાનુ ભેદ જ બહાર રે,
તે જીવને અમે કોલજ આપીયે, ગોર કહે તે અમ સાથે જાણ રે –૧૩૧

સદ્‌ગોર કહે રે સંગત અમારી છે સાચની.
ને સાચે ભાવે હું તારણ હાર રે,
તે તો કુવાટે નહિ ચાલશે, જેને અમારી સંગત થાય રે –૧૩૨

સદ્‌ગોર કહે રે સતે થઈને ચાલીયે. ને સતનો કરીએ શણગાર રે,
સત નામે જો સફળ કામ કીજીયે, તો પામો સત દિદાર રે –૧૩૩

સદ્‌ગોર કહે રે દિદાર કિજે શાહ નર તણો,
અને કીજીએ પુરા વિશ્વાસ રે,
ઈમાન રાખીએ સાચનું, તો પામીએ શાહના દિદાર રે –૧૩૪

સદ્‌ગોર કહે રે દિદાર કીજે શાહ ચણા,
વળી તેનો ન જાણીયે ભેદ રે,
તે જેમ પાવૈયાને પાનો ચડે, ભાઈ તેને તેવો દિદાર રે –૧૩૫

સદ્‌ગોર કહે રે રહૃય નિર્મળ કીજીયે, ને મનમાં મેલ ન આણ રે,
જો કાયા કસાવો આપણી, તો ધર્મને આપો માન રે –૧૩૬

સદ્‌ગોર કહે રે રહેણી કીજીયે ધર્મમાં અને ધર્મે સાચુ બોલ રે
સાચા થઈને દઢ થઈ ચાલીયે, જેમ બીજો ન જાણે કોય રે –૧૩૭

સદ્‌ગોર કહે રે જીસ ઘટ ઇમાન નહિ સાચશું,
તે કુડા ચડાવે આળરે,
તેને સાથ દીઠે ગમે નહિ, તે સહિ નર્કે જાય રે –૧૩૮

સદ્‌ગોર કહે રે દાશ હમારા તે કહીયે, જે દેવે દશોદનુ દાન રે,
તે હોય ગરીબ કોઇ એબ ચડાવે, તોય મુખથી ન બોલે વાણ રે –૧૩૯

સદ્‌ગોર કહે રે દાશ હમારા તે કહીયે, જે કેને ન આલે એબ રે,
બાકી તો સર્વે દાશ છે, પણ આખર પડશે રદ રે –૧૪૦
સદ્‌ગોર કહે રે દાશ હમારા તે કહીયે, જે દુનિયા શું અંધા જાણ રે,
જ્યાં નિંદા થાય કોઇ વાતની, ત્યાં સૂરતિ ન રાખે જાણ રે –૧૪૧
સદ્‌ગોર કહે રે દાશ હમારા હોઇ રહયા,
જ્યારે કહેવાણા સત્પંથી જીવ રે,
જે એબ ઢુંઢે પારકા, તે સત્પંથી નહી તે ચોર રે –૧૪૨
સદ્‌ગોર કહે રે સત્પંથી તો ઉત્તમ અવતાર છે,
તેને સહુ કહે છે દાશ રે,
તે સત્પંથી જયારે જુઠું બોલશે, ત્યારે જાણો મધમ અવતાર રે–૧૪૩
સદ્‌ગોર કહે રે ચારે જુગના જીવ આવ્યા,
અને કરતા સત્પંથ જ માંય રે,
જયારે કુસંગતિયા સાથે બેસતા, ત્યારે થાય છે ગોરનરના ચોર રે –૧૪૪
સદ્‌ગોર કહે રે સત્પંથી હવે તમે ચેતજો, અને વારો પોતાનુ મન રે,
હવે એક તલ જુઠું બોલશો, તો ગોર કહે નહિ પામો મોક્ષ રે –૧૪૫
સદ્‌ગોર કહે રે ચારે જુગના જીવડા છળીયા, તે બેઠા જુવે છે વાટ રે,
તે માંહે જુઠો થઈ ચાલશો, તો શું દેખાડશો મૂખ રે –૧૪૬
સદ્‌ગોર કહે રે જેણે પોતાનો જીવ ન વારીયો, ને બીજાને દે છે દુઃખ રે,
તે આગળ જાતાં જુઠો પડશે, ભાઈ તે જીવથી રહેજો દુર રે –૧૪૭
સદ્‌ગોર કહે રે સેવા કીજે સત્પંથની, અને તે ગોર ગત શું ધાઈ રે,
પણ નિંદાયે મન નવ રાખીયે આપણું, જેથી ધર્મ સર્વે જાય રે, –૧૪૮
સદ્‌ગોર કહે રે અમે પોકાર્યું બોતકર, અનો વેદમાં દિધી સાંખ રે,
ગોર ગત સાથે બેસતા, પણ જીવનો ન રાખે કામ રે –૧૪૯
સદ્‌ગોર કહે રે પૂર્વ જન્મના તે પાપી થયા, તે ન મેલે પોતાનુ ઠામ રે,
તે ગત જમાતમાં આવે ભળે, તોય ન મેલે પાપનુ કામ રે –૧૫૦
સદ્‌ગોર કહે ર લીંબ કડવા તે મીઠા ન હોવે,
જો દીજે સર્વે વૃક્ષનો રસ રે,
તે દિ દર્શન દેખે શાહ વિષ્ણુ તણા, તોય કડવાઈ ન જાય કસ રે –૧૫૧

સદ્‌ગોર કહે રે તે ફોગટ દુનિયા, તેને મનાવે, તે લીબથીન છુટે પાપ રે,
તે ભેળા જો કાંઇ બોલીયે, તો ઉલટો દોજકમાં જાય રે. —૧૫૨

સદ્‌ગોર કહેરે જીસ મુખે હરિનામ જપીયે,
તે નામ નારાયણનું જાણુ રે,
તીશ મુખથી કેને આળ બોલીયે, તો કેમ કરી પામીયે મોક્ષ રે, —૧૫૩

સદ્‌ગોર કહેરે જીશ મુખથી અમૃત જમીયે,
અને તીશ મૂખ ખિરને ખાંડ રે,
તીશ મૂખથી કેને એબ ચડાવીયે, ત્યારે તે જમ્યાના કેવાં ફળરે. —૧૫૪

સદ્‌ગોર કહેરે તમે સ્નેહ રાખો ગોર નરશું,
અને ગોરનરની જાણો રીત રે,
તમે ચિતમાં ચેતી ચાલશો, તો લખે જીબરાઈલ હાથ રે. —૧૫૫

સદ્‌ગોર કહે રે જ્યાં થકી તમે અવતર્યા,
ને અવતર્યા સંસાર માય રે.
તે દીવસથી અમે લેખાં માગશુ., અને ધર્મને પાપનું જાણરે. —૧૫૬

સદ્‌ગોર કહે રે લેખુ થાશે ગોરનરના હજુરમાં,
અને પાસે ગોર બેસાડી જાણુ રે.
ત્યાં ધર્મ તમારો તોલશે, અને ચડશે કાગળે જાણ રે. —૧૫૭

સદ્‌ગોર કહેરે ધર્મ દેશાંદ દેતા જે પુરા પડશે,
તે થાશે તોલા તોલ રે,
પછે તો ગોરરે નરને હાથ છે, તે તોળ્યાની સુધ જ જાણ રે. —૧૫૮

સદ્‌ગોર કહે રે પાપ જો એક તલ વધશે,
વળી નારાયણને હજુ રે,
ત્યાં જીવ ઘણુ પસ્તાશે, અને પડશે ઘા માથામાં જાણ રે. —૧૫૯

સદ્‌ગોર કહે રે અદલ કરશે સાંઇયા,
ત્યાં ક્ષમાના ફળજ જાણુ રે,
જે ક્ષમા રાખશે દિલમાં, તેને ત્યાં થાશે પ્રણામ. —૧૬૦

સદગોર કહે રે પાંચે તત્વમાં સરદાર છે,
ભાઈ તેનું ક્ષમા નામ રે.
જો ક્ષમા રાખશો દિલમાં, તેને ઉઠી કરે સઉ પ્રણામ રે. –૧૬૧
સદગોર કહે રે વગત રાખીયે આપની,
કેને મૂખથી ન બોલીયે લગાર રે,
એકાંતે ચાલીયે મનશું, તો આગળ પામશો મોક્ષનો વરરે. –૧૬૨
સદગોર કહે રે એકાંત ધર્મજ કીજીયે,
અને ગતને કીજે પ્રણામ રે,
હાલ વાયક ગતમાં આપીએ, તો આગળ પામશો મોક્ષ રે –૧૬૩
સદગોર કહે રે છાનુ ધર્મજ રાખીયે,
જેમ બીજો ન જાણે કોઈ રે,
ગતની આગળ અરજ કીજીયે, ચૌટે ચડીને દેજે દર્શન રે. –૧૬૪
સદ્ગોર કહે રે રહેણી જાગીએ બાપડે,
જાગીને જપીએ શાહપિરનો નામ રે,
નિંદા થાય ત્યાંથી ઉઠી જઇએ,
તે રહેણીનું મુલ પામો અમર ઠામ રે. ૧૬૫
સદગોર કહે રે રહેણી જાગે બાપડે,
પણ મનથી ન મેલે અહંકાર રે,
તેને સીધો ચોરજ જાણજો, તેની વેદમાં છે પોકાર રે. –૧૬૫
સદગોર કહે રે વેદ પોકારે ચોમુખથી, તેમાં બ્રહ્માજીની સાંખ રે,
જે વેદ વિચારી નહી ચાલશે, તે કેમ આવે અમારે દ્વાર રે. –૧૬૭
સદગોર કહે ઘર અમારો છે દોયલો,
તે માંહે ઘાંટીયું છે અપાર રે
એક એક ઘાંટીમાં સોળ ચોર છે, તે બીન ક્ષમા ન આવે હાથ રે. –૧૬૮
સદગોર કહે રે ક્ષમા કીજે સત ધર્મની,
જેમાં દેવ છે અનંત અપાર રે.
તે દેવની સભા તો પામીયે, જોરેણી જાગીને કરજ સાર રે. –૧૬૯

સદગોર કહે રે ધર્મને કારણે અમે આવીયા,
અને જોવા સત્પંથી જીવ રે.
જે સત્પંથી સાચા ઇમાનશું, તે અમારા સાચા મિત્ર રે. −૧૭૦

સદગોર કહે રે સતપંથમાં ચાર દેવતા,
અને ભક્તો તેના નામ રે,
પ્રહલાદ, હરિચંદ્ર, યુધિષ્ઠિર, પિર સોદર દિન તેની સાથરે. −૧૭૧

સદગોર કહે રે સ્વેદજ ખાણમાંથી તે નીપજ્યા,
આજ ચક્કદ વેળામાં જાણુ રે. −૧૭૨

શુક્રવારિ બીજનું ફર્માન છે,
આજ પિર હશન કબીર દીન તેનું નામ રે. −૧૭૩

સદગોર કહે રે નર નિરંજન નિરાકાર છે,
તેનું મૌલા અલી છે નામ રે,
સદગોર સોદર દીને એમ ભાંખીયા,
શાહનું પશ્ચિમ દિશામાં ઠામ રે. −૧૭૪

સદ્ગોર કહેરે હુરાઉ પચાશ તેની જાયશે,
ને વળી સ્વર્ગ વાશો ન જાણુ રે,
તેને ફીટકાર લાગે સદ્ગોર તણી, જે રાખે પર ઈસ્ત્રીશું નેહરે −૧૭૫

સદ્ગોર કહરે પર સ્ત્રી ધર્મ જાશે,
અને ગુમાવો સ્વર્ગ વાશો જાણુ રે,
સહુમાંથી સાંખજ જાશે, તો તમે સાને કરો એવાં કામ રે −૧૭૬

સદ્ગોર કહે રે સાંખ ગઈને સીલ ગયું,
અને ગઈ પોતાની પતરે,
સોઇ કારજ કીજીયે, જેમાં ચાલે પોતાનુ વ્રત રે −૧૭૭

સદગોર કહે રે સતનુ વ્રત શુક્રવારી બીજ છે,
તે બાર પોર પુરા જાણુ રે,
અર્ધો આહાર કરીને રાખશે, તે પામશે અમ્મર ઠામ રે −૧૭૮

સદ્દગોર કહે રે સહેજ દાન દીજીયે,
અને દીજે સુદ્દ ગોર મૂખે જાયજી રે,
વળી ગતમાં બીજ શુક્રવારી છોડશો, નો પામશો મોક્ષનુ દ્વાર રે –૧૭૯
સદ્દગોર કહે રે નિમ સ્થાપના જ્યાં કીજીયે,
ત્યાં કેસો જૂઠનો વહેવાર રે,
તે ઠામ જે અજાણ્યુ બોલશે, તેનુ જાશે ધર્મ નીમ નિર્વાણ રે. –૧૮૦
સદગોર કહે રે ધર્મ નિર્માતા મોર છાપ કહીયે;
તે ગોરની મોર છાપ જ જાણજે રે
ત્યાં મોહોર મારી છાપ નરની, તે મોહોર નારાયણની જાણરે. –૧૮૧
સદગોર કહેરે નરનારાયણ એક છે,
અને માહેશ્વર મૂરત તેની જાણ રે.
દેવ શક્તિ આવી છે તે માંહે, ભ્રાંત રાખે તે ભૂલ્યો ગમાર રે. –૧૮૨
સદગોર કહે રે ચાર મૂરતે ધર્મ સ્થાપીયો,
તે સદગોર બ્રહ્માજી આપો આપ રે
શુક્રવારી બીજ જે સ્થાપશે, તેને મોક્ષ મુગતનુ ઠામ રે. –૧૮૩
સદ્દગોર કહેરે શુક્રવારી બીજ જે સ્થાપશે,
ને સ્થાપશે પુરા વિશ્વાસ રે,
તે જીવને મોક્ષ મુગત થાશે,
ને સહી થાશે અમારા દર્શન રે. –૧૮૪
સદગોર કહેરે અમારા દ્વારે તે ફળ પામશે,
ને તેત્રીસ કરોડ દેવોને હજુર રે
જેને પરસ્રીનું ગવન કર્યા, રહેશે અમથી દૂર રે. –૧૮૫
સદ્દગોર કહે રે ધર્મ તો સર્વે ખોઈ રહેશે,
અને ન હોશે હરિને હજુર રે,
તે પર નારીના કારણે, તે અમથી થાશે દૂર રે –૧૮૬
સદ્દગોર કહે રે જેણે પર સ્ત્રી તજી વેદ તત્વ શું,
ને ર હ્રુર્મા રાખ્યો ધર્મ સ્નેહ રે,
તે અમથી આગળ જઈ બેસશે, જ્યાં છે અમારૂ ઠામ રે –૧૮૭

સદ્દગોર કહે રે અમારા ધર્મમાં જે જીવ રહ્યા,
તેને છે અમારો રંગ રે,
તેને હરિ હેત શુ હુરાઉં દેશે, તેને ઘણાં ઘણાં માન રે —૧૮૮
સદ્દગોર કહે રે હુરામાં જઇ તે જીવ રહેશે,
તેનો અમરાપુરમાં વાસ રે,
તે ઘર અમે જઇને બેસશું, તેનુ કરશું ઘણો મહેમાય રે —૧૮૯
સદ્દગોર કહે રે મહેમા અમારો માતા તણો,
અને પિતા અમને જાણુ રે,
પણ પર સ્ત્રીને કારણે અમને મેલશો,
તો અમે માતાપિતા કેમ થાય નિર્વાણ રે —૧૯૦
સદ્દગોર કહે રે મહિમા અમારો રાખશો,
અને વચન અમારા શીર ચડાઈ રે,
તે તો પાંચ હત્યાથી છૂટશે, તે અમારા વચનને પ્રતાપ રે —૧૯૧
સદ્દગોર કહે રે અમારા વચન જે માનશે,
તે હોશે અમારી પાસ રે,
તે પાંચ હત્યાથી અળગો રહેશે, તે પામશે અમારા દર્શન રે —૧૯૨
સદ્દગોર કહે રે દર્શન અમારા તે પામશે,
ને બેસશે અમારી પાસ રે,
તે મેવા પામે અતી ઘણા, અને પામશે વિષ્ણુના દર્શન રે —૧૯૩
સદ્દગોર કહે રે ત્યાં મેવા પામશે અતી ઘણા,
ને સેવક આવે હજુર માંયરે,
તે અનંત ખીજમત આવી કરશે,
એમ કહે સદ્દગોર શમ્સ નિર્વાણ રે —૧૯૪
સદ્દગોર કહે રે કાયા નાવ કીજે હરિ નામની,
તેમાં ભરીયે સતનો ભાર રે,
દસોંદ શુકીત ગત આગળ દીજીયે, ભાઈ તે સદ્દગોરને ફરમાન રે —૧૯૫
સદ્દગોર કહે રે ગત ગંગામાં શુકીત કીજીયે,
ને રહ્દય કીજે નિર્મળ જાણુ રે,
તે રહ્દયમાં કાંઇક કાયલી આણુશો, તેને ગોર ગતહે નહિ ફરમાનરે, —૧૯૬

સદ્‌ગોર કહેરે ગત ફર્માને મહાદન ઉતરે,
ને ગત ફર્માને પાતક જાયરે,
ગત ફર્માને છાટો નંખાવીયે, જેમાં ગત ગંગાનુ સ્નાન થાય રે –૧૯૭
સદ્‌ગોર કહે રે ગોરજીએ નર દેખાડીયા,
અને ગોરજીએ આપ્યો ભેદરે,
તે ગોર નર બંને એક છે, તેની વેદમાં ગોર દીધી સાંખરે –૧૯૮
સદ્‌ગોર કહે રે વેદ પ્રમાણે જે ચાલશે,
તે ગત ગંગામાં આવશે જાણ રે,
તે ગત ગંગામાં ગોરનર જાહેર છે, રખે અધુરા હોઇ કરી જાણ રે –૧૯૯
સદ્‌ગોર કહે રે જેણે ગત અધુરી કરી જાણી,
તે જીવ સહી નર્કી જાણ રે,
પાંચ હત્યા તેના શરીર બેસશે, એમ કહે પિર શમ્સ નિર્વાણ રે –૨૦૦
સદ્‌ગોર કહે રે પિર શમ્સને ઉત્તમ જાણીયે,
જેની વેદ કુરાનમાં સાંખરે,
તે પિર શમ્સ ગતમાં જાહેર છે, ત્યાં ગત ગંગા તિરથ જાણ રે –૨૦૧
સદ્‌ગોર કહે રે પિર શમ્સે વેદ કુરાન ભાખીયા,
ને ભાંખ્યા ચારે વેદ જાણ રે,
તે ગત ગંગામાં બેસી કરી, કીધી સાચી શાંખ નિર્વાણ રે –૨૦૨
સદ્‌ગોર કહે રે સાચી શાંખતો જ્ઞાન તણી,
અમે છીએ શાહના દાશ રે,
ગત ગંગામાં જે મળી ગયા, ને સાંભળો તેનો ભેદ રે –૨૦૩
સદ્‌ગોર કહે રે સુરભાણ વીમરસ હોઇ રહ્યા,
તે રહ્યા અમારી પાસ રે,
અમે ફરમાવ્યાં તેમ કર્યા, તે ગત ગંગાને પ્રતાપ રે –૨૦૪
સદ્‌ગોર કહે રે ગત ગંગાને અમે ત્રણ વચન કહ્યાં,
અને ફર્માન બોલ્યો તે હરે,
જ્યારે ફર્માન અમારા શીર ચડાવીયા,
ત્યારે અમે જ્ઞાનમાં આલી સાંખર –૨૦૫

સદ્ગોર કહે રે વીમરસ સુરભાણ દોનુ એક હય,
તે છે ગત ગંગામાં જાણ રે,
તે ગત ગ.ગાના વચને ચાલીયા, તે પોતા વૈકુઠ મોઝાર રે −૨૦૬
સદ્ગોર કહે રે અમારે વચને શીર દીધો,
ને દીધો અમારે હાથ રે,
ત્યારે અમે મનમાં બહુ રાજી હુવા, તે ગત ગંગાને પ્રતાપ રે −૨૦૭
સદ્ગોર કહે રે શીર દીધા તે અમને, અને અમે આરોગ્યા આપ રે,
તે અમ ભેળા વશે છે, ભાઈ તમે રખે જાણો દૂર રે −૨૦૮
સુદ્ગોર કહે રે અમારા વચન જે માનશે,
તે છે અમરા ગલેકા હાર રે,
તેને ગલાકા હાર કરી રાખશુ, તે સેવકને સુખ અનંત અપાર રે −૨૦૯
સદ્ગોર કહે રે વીમરસ હોઇ રહ્યા, તે ગત ગંગાને પ્રતાપ રે,
તે ગત ગંગાના વચન જે માનશે, તે સેવક સાચા નિર્ધાર રે −૨૧૦
સદ્ગોર કહે રે સેવક જેનુ નામ છે, જે મનમાં ન રાખે ભ્રાંતરે,
જે સેવક ભ્રાંત રાખશે, ભાઇ તે કાચો હોવે નિર્ધાર રે −૨૧૧
સદ્ગોર કહે રે દુનિયા સર્વે દુરિજન છે,
ને કોઇક ને સંગ ન થાય રે,
લોભે આવીને કંઈક મળ્યા, પણ ખાલ શીર દીધો ન જાય રે −૨૧૨
સદ્ગોર કહે રે સુરભાણે ખાલ ઉતારી દીધી,
તે તો દેખતાં સર્વે સંસાર રે,
ત્યાં અનેક આદમી અમ સાથે હતા,
ભાઈ તેમાં કોઈ ન આવે પાસરે −૨૧૩
સદ્ગોર કહે રે મન હોય તો ખાલ જ દિજીયે,
ને મન વિના ન હોવે કામ રે,
તે મનને ઢુઢી કાઢીયે, તે લોક મન દુરિજન જાણ રે −૨૧૪
સદ્ગોર કહે રે સુરભાણ અમને આવી મળ્યા,
તે આવ્યા મોચીના ગેર રે,
અમે તેને હરખ શું તેડાવીયા, તે આવી પોતા અમારે પાસરે −૨૧૫

સદ્ગોર કહે રે અમારી હજુરમાં તે રહ્યા,
ને હુકમ અમારા માહે જાણે રે
અમે સર્વે ત્યારે શાહ નજરથી, શાહ નજરથી કરાવશુ માફ રે –૨૧૬

સદ્ગોર કહે રે સુરભાણને સુરતિ અમારી,
વળી અમારો એને લાગ્યો નેહરે,
ત્યારે પ્યાલો અમે એઠો આપીયો, ભાઈ ત્યારે પામ્યા ભેદ રે –૨૧૭

સદ્ગોર કહે રે ભેદ પામ્યાને જ્યોત પ્રગટી,
તેજ રૂપ હુવા સ્વરૂપ રે,
ત્યારે અમે પારખુ જોઈશું, તે ગત ગંગાને પ્રતાપ રે –૨૧૮

સદ્ગોર કહેરે ગત ગંગાને અમે આગળથી, અને વચન કહ્યાં
ત્રણ રે,
તે ગતે ત્રણવાર વચન માન્યા નહિ, ત્યારે એમ કર્યાં ગુપ્ત
કામ રે –૨૧૯

સદ્ગોર કહે રે કામ કીધા ગત પ્રતાપે,
અને સુરભાણને આવી જ્યોત રે,
તે સુરભાણ અમ પાસે આવી ઉભા રહ્યા,
તે ગત ગંગાને પ્રતાપ રે –૨૨૦

સદ્ગોર કહે રે વચન અમારાં જે માનશે,
તેમાં છે અમારી જ્યોત રે,
તે જ્યોત પ્રકાશે ખાલ દીધી, તે દીધી ભગત સુરભાણ આપ રે –૨૨૧

સદ્ગોર કહે રે તેણે ખાલ ઉતારી પોતાના શરીરની,
તે દીધી નારીને હાથ રે,
તે અમને આવીને સોંપી, તેમાંથી પગની મોજડી કીધી જાણ રે –૨૨૨

સદ્ગોર કહે રે એવા રૂશીવર જ્યારે આવી મળ્યા,
ત્યારે અમે થયા રળીયાતરે,
તેને વચન દિધાં સ્વર્ગનો, તે ગયા અમરાપુરી માંયરે –૨૨૩

સદ્‌ગોર કહે રે ધર્મ તો સાચો ઈમાનનો,
તે ઈમાન સાચો જાણુ રે,
તે ઈમાન જે લાવશે ફર્માવશું, તે દાસ અમારો જાણુ રે –૨૨૪
સદ્‌ગોર કહેરે ધર્મ કરશે સાચે ઈમાન શુ,
તે બેશસે સુરભાણુની પાસ રે,
તેણે ખાલ દીધી હમકુ, અને આપે હુવા પાકરે –૨૨૫
સદ્‌ગોર કહે રે પાક નામ તો નારાયણનું છે,
ને અવિચળ વચન બ્રહ્માજી જાણુ રે,
ગોર જ્ઞાન જેણે જાણીયા, તે ભગત હુવા સાચા જાણુ રે –૨૨૬
સદ્‌ગોર કહે રે હમારી દેહ તો સુરભાણુ દેહ અમારી જાણુ રે,
તે સેવક અઢીમાંથી કહીયે, અર્ધો સેવક તે સાર રે –૨૨૭
સદ્‌ગોર કહે રે સુરભાણુ વીમરસ દોએ કહીએ,
ને અર્ધો સેવક એની નાર જાણુ રે
અર્ધો સેવક હરજી મોચી કહીયે,
જેણે સીવી અમારા પગની મોજડી જાણુ રે –૨૨૮
સદ્‌ગોર કહેરે ભાવ વગર કોઈ સેવક નહી હોવે,
એમ કહે પિર શમ્સ નિર્વાણુ રે,
ગત ગંગામાં છુટીએ, જીસથી જાય સર્વે પાપરે –૨૨૯
સદ્‌ગોર કહે રે બાર કળા સદ્‌ગોર તણી,
ને સોળ નારાયણની જાણુ રે,
તેમાં ચાર કળાગતમાં વશે, તે કળા નરની પ્રમાણુ રે –૨૩૦
સદ્‌ગોર કહેરે ગોરે જ્ઞાન ભાંખીયા, અને વેદ પ્રમાણે વાત રે,
સદ્‌ગોરમાં જે તેજ વશે, તે પિર શમ્સનો અવતારે –૨૩૧
સદ્‌ગોર કહે રે પિર શમ્સે જ્ઞાન કરી રહ્યા,
અને રહ્યા તે મુલતાન માંય રે,
આસમાનથી સૂર્ય મંગાવીયા, તે પિર શમ્સને ફર્માન રે –૨૩૨
સદ્‌ગોર કહે રે ચેતણુ હારા તમે ચેતજો,
અને એ છેલ્લો અવતાર રે,
શાહ મૌલાઅલી તેનું નામ છે, તે બેઠા પશ્ચિમ દિશામાંયરે –૨૩૩

સદ્દગોર કહે રે દશોંદ એ નરને આલીયે,
અને બોલ્યા બોલ જ પાળ રે,
જે દશોંદ દેતાં ખંડન કરશે,
તો કયાં થકી પામે અમારો દર્શન રે. –૨૩૪
સદ્દગૌર કહે રે દર્શન તો અમારો હોયલો,
અને રાતે જાગો લોક રે,
નિંદા તેને શું કરે, જે રાખે પિર શમ્સશુ હતે રે. –૨૩૫
સદ્દગોર કહે રે લોક દેખતાં સ્નેહ રાખશે,
ને દીલમાં નિંદાને કાળ રે,
આવો અમર જે આરોગશે, તે નિંદ્રામાં પડશે નિર્ધાર રે. –૨૩૬
સદ્દગોર કહે રે અહાર પોતાનું આરોગીયે,
અને અર્ધો આહાર છે સાર રે,
હક કમાઈ કરીને હક ખાઈએ,
ભાઈ તેને નિંદ્રા ન થાય લગાર રે. –૨૩૭
સદ્દગોર કહે રે નિંદ્રા તો જમની દાશી જાણીયે,
અને કાયા કસીયે આપ રે,
પોતાના હકકની કમાઈ કરીને ખાઈયે,
ભાઈ તો નિંદ્રા ન આવે પાસ રે –૨૩૮
સદ્દગોર કહે રે ક્રિયા ધર્મ દશોંદ સાચી આપીયે,
તે દીજે આપણે હાથ ઈમાન રે,
તેનું મૂવા પછી ફળ પામીએ, જો હાથે દીજે દશોંદનું દાન રે. –૨૩૯
સદ્દગોર કહે રે હાથે ધર્મ દશોંદ દીજે સાચ શુ,
સદ્દગોર બોલે તમે સાચો રાખો વિશ્વાસ રે,
પિર શમ્સ કહે તેને સવા લાખ ઘણેરૂ આપશું,
તે આપશુ સદ્દગોર સાહેબજીને પાસ રે –૨૪૦

જ્ઞાન સંપૂર્ણ

realpatidar.com